# ગરવું ગુર્જર સાહિત્ય

**10, જૂન 2026**

સંપાદક : **રોહિત શાહ**




**ગૂર્જર સાહિત્યભવન**
રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૧,
ફોન : ૦૯૨૨૭૦૫૫૭૭૭,
૯૬૬૨૨૭૫૭૭૭
ઇ-મેઇલ : goorjar@yahoo.com
Website : www.gurjarbooks.com

શબ્દથી સંસ્કાર સુધી

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**
૧૦૨, લેન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઇટેનિયમ
સિટીસેન્ટર પાસે, સીમા હૉલ સામે,
પ્રહ્લાદનગર, અમદાવાદ-૩૮૦ ૦૧૫
ફોન : ૦૭૯-૨૬૯૩૪૩૪૦
ઇ-મેઇલ : gurjarprakashan@gmail.com

## ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

## સાહિત્યનો પાક્ષિક રસથાળ

દર મહિનાની

**10મી અને 25મી તારીખે પ્રગટ થતું**

# ગરવું ગૂર્જર સાહિત્ય




**ડિઝિટલ સામયિક ઘેર બેઠાં**
**વિનામૂલ્યે મેળવવા રજિસ્ટ્રેશન કરાવો...**

**અમારો વોટ્સેપ નંબર : 9662275777**

**વેબસાઇટ : www.gurjarbooks.com**

તમારા સાહિત્યરસિક મિત્રો-સ્વજનોને પણ
'ગરવું ગૂર્જર સાહિત્ય'ની આ PDF વાંચવા મોકલો

# ડૂબવાનું હોય ત્યારે જ સંપ કરવાનો ?




એક વખત એક નૌકામાં એક જ પરિવારના, ત્રણ પેઢીના લોકો દરિયાઈ મુસાફરી કરી રહ્યા હતા. એ લોકોમાં સંપ ન હતો. કોઈ ગેરસમજને કારણે પરસ્પર

મનદુઃખ થયેલું હતું. આ લોકો એક જ નૌકામાં એક સાથે પ્રવાસ કરવા તૈયાર નહોતા, પણ એ જમાનામાં બીજો કોઈ વિકલ્પ નહોતો એટલે મજબૂરીથી સાથે પ્રવાસ કરવા સૌ તૈયાર થયા હતા.

એક જ નૌકામાં અને એક જ પરિવારના ત્રણ પેઢીના લોકો હોવા છતાં કોઈ કોઈની સાથે વાત કરવા તૈયાર નહોતું. સૌ એકબીજાથી દૂર રહેવા અને એકબીજાને દૂર રાખવા પ્રયત્ન કરતા હતા. ભૂલથી પણ એકબીજાની સામે જોવાઈ જાય તો બંને પોતાનું મોં બગાડીને નજર ફેરવી લેતા હતા.

એ નૌકામાં એક અજાણ્યો અને સમજદાર સજ્જન બેઠેલો હતો. વાતવાતમાં એને ખ્યાલ આવી ગયો કે, આ બધા એક

જ પરિવારના હોવા છતાં પરસ્પર વાત કરવા પણ તૈયાર નથી. એને બહુ દુ:ખ થયું, પણ એ કોઈને કઈ રીતે કશું કહી શકે ?

નૌકામાં દૂર પડેલો લોખંડનો એક ખીલો જોઈને એને એક ઉપાય સૂઝયો. કોઈને ખબર ન પડે એ રીતે એણે ખીલો લીધો અને ખૂબ સાવધાની સાથે હળવેહળવે, નૌકામાં કાણું પાડી દીધું. પછી ઊભો થઈને તથા સાવ અજાણ્યો બનીને બૂમો મારવા લાગ્યો, અરે ! આ નૌકામાં કાણું પડી ગયું છે અને અંદર પાણી ભરાવા લાગ્યું છે. જો પાણીને અંદર આવતું અટકાવવામાં નહીં આવે તો આપણે સૌ ડૂબી જઈશું. એમ કહીને એણે નૌકામાં ભરાયેલું પાણી એક વાસણ વડે ઉલેચીને


બહાર દરિયામાં નાખવાનું શરૂ કર્યું... પેલા એક જ પરિવારના લોકો ચિંતામાં આવી ગયા અને એ પણ નૌકામાં પ્રવેશતા પાણીને અટકાવવા તથા પ્રવેશેલા પાણીને ઉલેચવામાં પરસ્પર મદદ કરવા લાગ્યા.

એ જોઈને પેલા સજ્જને કહ્યું, ડૂબવાનો સમય આવ્યો ત્યારે સૌ એક સાથે થઈ ગયા, એવો જ સંપ તરવાનું હતું ત્યારે કેમ નહોતા બતાવતા ? પરિવાર હોય કે સમાજ તરવા માટે સંપ અનિવાર્ય છે !

આ વાત સાંભળીને સૌ પ્રાયશ્ચિત્ત કરવા લાગ્યા અને વિચારવા લાગ્યા કે હવે જો કિનારે પહોંચીશું તો કોઈ મનદુઃખ કે અબોલા નહીં રાખીએ અને સંપીને રહીશું...

'અનેકાંત', ડી-11, રમણકલા એપાર્ટમેન્ટ,
વિજયનગર મેટ્રો સ્ટેશન પાસે, નારણપુરા,
અમદાવાદ-380013 ■ મો. 9428568368

તદ્દન તાજું નવું પુસ્તક




# સરદાર પટેલ ક્વિઝ


## લે. મહેશ કાનાણી

**કિંમત: 125**

સરદાર વલ્લભભાઈ પટેલના સમગ્ર જીવન પર આધારિત કુલ 347 પ્રશ્નો આ પુસ્તકમાં સમાવ્યા છે. વિવિધ સ્પર્ધાઓમાં અને પરીક્ષાઓમાં વિદ્યાર્થીઓને ઉપયોગી થાય એવું આ પુસ્તક સરદાર પટેલના જીવનકાર્ય વિશેની માહિતી પણ આપે છે. વિવિધ પ્રસંગે વિદ્યાર્થીઓને ઇનામ રૂપે ભેટ આપવા જેવું પુસ્તક.

**આ પુસ્તક ખરીદવા માટે સંપર્ક કરો: મો. 9662275777**

તદ્દન તાજું નવું પુસ્તક




# દાદાજીનું રેઇનબો

## લે. રમેશ ત્રિવેદી

**કિંમત: 140**

આજનાં બાળકો-કિશોરોને ધ્યાનમાં રાખીને ભીખુદાદા - ભૂતકાળ, ભાવેશભાઈ - વર્તમાન તથા પિન્ટુ-બન્નીને આવતીકાલના પ્રતીકરૂપ આલેખતી આ બાળકિશોર નવલકથા ખૂબ રસપ્રદ છે.

**આ પુસ્તક ખરીદવા માટે સંપર્ક કરો: મો. 9662275777**

તદ્દન
તાજું
નવું પુસ્તક




# પ્રયાસ

## લે. ડૉ. કિશોર વાળા

### કિંમત: 225

ગીતો, ગઝલો અને કાવ્યોની મહેફિલ જેવા આ પુસ્તકમાં કુલ 112 પદ્યરચનાઓનો સમાવેશ છે. વિષયનું વૈવિધ્ય અને ભાષાની સરળતાને કારણે કાવ્યરસિકોને આ પુસ્તક ખૂબ ગમશે.

આ પુસ્તક ખરીદવા માટે સંપર્ક કરો: મો. 9662275777

## સર્જક-પરિચય



### ડૉ. પિનાકિન્ દવે

જન્મ તા. : ૧૩-૦૫-૧૯૫૧

જન્મસ્થળ : ગામ-રૂપાલ, જિ. ગાંધીનગર

માતા: કાન્તાબેન

પિતા : નટવરલાલ દવે

જન્મ તા. : 10-06-1935

અભ્યાસ : એમ.એ., એલ.એલ.બી., પીએચ.ડી. (મુંબઈ યુનિવર્સિટી) દાર્શનિક કવિ, પ્રભાવક આચાર્ય સિદ્ધસેન દિવાકર પર મહાનિબંધ.

વ્યવસાય : નિવૃત્ત પ્રાધ્યાપક – સંસ્કૃત

પ્રકાશનો : પચીસ નવલકથાઓ, ત્રણ વાર્તાસંગ્રહ, બે લેખસંગ્રહ, પાંચ નવલકથાઓ હિન્દીમાં, એક તમિલમાં ભાષાંતર.

*'વિશ્વજિત' નવલકથાથી સાહિત્યક્ષેત્રે પ્રવેશ કરતાં જ ધ્યાનાર્હ નવલકથાકાર રૂપે પ્રતિષ્ઠા પામેલા આ સર્જકે, પંડિતયુગના લોકપ્રસિદ્ધ કનૈયાલાલ મુનશી, ર. વ. દેસાઈ જેવા લેખકો સાથે સન્માનભર્યું સ્થાન પામી પૌરાણિક, સામાજિક તેમજ સાંપ્રત-આધુનિક યુગની દિશામાં નોંધપાત્ર સર્જન કર્યું છે. ગુજરાતી ભાષાસાહિત્યમાં, રામચરિતમાનસ પ્રવર્તક સંત તુલસીદાસ કરતાં ઋષિવર્યની મહિમાખ્યાત કૃતિ વાલ્મીકિ રામાયણની પંક્તિમાં શોભે એવી રામકથાના ચાર ભાગ એક અ—ભૂતપૂર્વ ઘટના ગણાય.*

*સાક્ષરશ્રી રાધેશ્યામ શર્મા*

તેમની નવલકથાઓ 'વિશ્વજિત', 'અનુબન્ધ', 'અનિકેત', 'મોહનિશા', 'અયોધ્યા-વરદાન-વનવાસ-અભિષેક'ને રાજ્ય સરકારનું પારિતોષિક પ્રાપ્ત થયું છે. વાર્તાસંગ્રહ 'તૃપ્તિ' પણ પારિતોષિક દ્વારા પુરસ્કૃત છે. તેમની નવલકથાઓ 'વિવર્ત' અને 'અનિકેત' યુનિવર્સિટીમાં પાઠ્યપુસ્તક તરીકે નિયત થયેલી છે. તેમની વાર્તાઓ હિંદી, અંગ્રેજી, મલયાલમ, ઉડિયા વગેરે ભાષાઓમાં પણ પ્રસિદ્ધ થઈ છે.

તેમની નવલકથાઓ 'ગુજરાત સમાચાર', 'સંદેશ', 'જનસત્તા', 'જન્મભૂમિ', 'ગુજરાત-મિત્ર' આદિ દૈનિકોમાં હપતાવાર પ્રકટ થતી. તેમણે વિવિધ દૈનિકપત્રોમાં ને સામયિકોમાં 'કવિતાની કલા', 'શતરૂપા', 'આજકાલ', 'સમાજની વિષવેલ' જેવી કૉલમો પણ લખી છે. તેમણે 'આનંદ' નામે માસિકપત્રનું સંપાદન પણ કરેલું.

તેમની કૃતિઓમાં સામાજિક પ્રતિબદ્ધતા ખાસ ધ્યાન ખેંચે છે. જેમકે નવલકથા 'પ્રલંબપથ'માં દલિત સમસ્યાને વાચા આપી છે, તો નવલકથા 'ત્રીજો સૂર'માં સજાતીય સંબંધોનો વિષય સુરુચિપૂર્ણ રીતે આલેખ્યો છે. 'અગ્નિશિખા'માં હિંદુ-મુસ્લિમ વૈમનસ્યને તટસ્થભાવે નિરૂપ્યું છે. 'વિભાજિત'માં દેશના વિભાજન પછી ભારત આવેલા એક સિંધી કુટુંબની વ્યથા—કથા આપી છે. પ્રયોગ અને પરંપરાની સમતુલા જાળવનાર લેખક તરીકે તેઓ જાણીતા છે.

⁂

## સર્જક-પરિચય

# સંધ્યા ભટ્ટ



જન્મ તા. : ૩૦-૦૬,૧૯૬૪

જન્મસ્થળ : નાસિક, મહારાષ્ટ્ર

માતા: પુષ્પાબહેન ભટ્ટ

પિતા : નારાયણપ્રસાદ ભટ્ટ

અભ્યાસ : બી.એ., એમ.એ.

વ્યવસાય : પ્રાધ્યાપક – અંગ્રેજી

સંધ્યા નારાયણપ્રસાદ ભટ્ટનો ઉછેર અને શિક્ષણ સુરતમાં થયાં.માતા પુષ્પાબેન ભટ્ટ સુરતની ધમણવાલા ગર્લ્સ હાઈસ્કૂલમાં અંગ્રેજીનાં શિક્ષકા અને પિતા સામ્યવાદી પક્ષના આજીવન સભ્ય તથા મજૂરોના હક્ક માટે વકીલ તરીકે કામ કરે. સુરતની એમ.ટી.બી.આર્ટ્ સ કૉલેજમાં મુખ્ય વિષય અંગ્રેજી રાખીને બી.એ. અને પછીથી એમ.એ.ની પદવી પ્રથમ વર્ગ સાથે મેળવી. ૧૯૮૭માં સુરત જિલ્લાના માંડવીની કૉલેજમાં અને ૧૯૯૦થી બારડોલીની આર્ટ્ સ એન્ડ કોમર્સ કૉલેજમાં અંગ્રેજી સાહિત્યનું અધ્યાપન કરી રહ્યાં છે.

સંધ્યા ભટ્ટ મુખ્યત્વે કવિ, વિવેચક અને ચરિત્રકાર છે. ‘સ્પર્શ આકાશનો’ (૨૦૦૬), ‘શૂન્યમાં આકાર’ (૨૦૧૭) અને ‘સમય તો થયો’ (૨૦૨૦-સોનેટસંગ્રહ) આપનાર સંધ્યાબેને ‘નિષ્કર્ષ’, ‘વિવિધા’, ‘આસ્વાદન’ અને ‘અન્વેષણ’

વિવેચનસંગ્રહો આપ્યા છે. ‘નોખા માનવી અનોખું જીવન’, ‘હું હતો ત્યારે’, ‘મૂલ્યનિષ્ઠ સાહિત્યકાર જયભિખ્ખુ’ તથા ‘પુરાતત્ત્વવિદ પી.પી.પંડ્યા’ જેવાં ચરિત્ર પુસ્તકો પ્રકાશિત થયાં છે. જયભિખ્ખુ વિશેનો monograph અંગ્રેજીમાં કેન્દ્રીય સાહિત્ય અકાદમીએ પ્રકાશિત કર્યો છે. તેમનાં સંપાદનોમાં ‘તારું ચાલી જવું’એ સ્વજનોનાં મૃત્યુ વિશેના અન્ય લેખકોનાં હૃદયસ્પર્શી લેખોનું સંપાદન છે જેની ચાર આવૃત્તિ થઈ છે અને ‘અનૂભુતિવિશ્વ’માં જીવનની અકળ ઘટનાઓ વિશેના અનુભૂતિલેખો છે.

સાહિત્યકાર યોગેશ જોષી સાથે તેમણે કરેલી દીર્ઘ મુલાકાતોનું પુસ્તક છે તથા ekatrafoundation.org પર પન્ના ત્રિવેદીની ચૂંટેલી વાર્તાઓ તથા પન્ના નાયકની પસંદગીની કવિતાઓનું સંપાદન છે. અહીં પ્રશિષ્ટ વિવેચક રમણભાઈ નીલકંઠ વિશેના અભ્યાસની ebook પણ છે.

ગુજરાતી સાહિત્ય પરિષદનું ઈનામ નિબંધ માટે, ગુજરાતી સાહિત્ય અકાદમીનાં પારિતોષિકો કાવ્યસંગ્રહ અને ચરિત્રપુસ્તકો માટે મળ્યાં છે તથા કુમાર ફાઉન્ડેશન, ગોધરાનો કિશનસિંહ ચાવડા ચરિત્રલેખન એવોર્ડ તથા જૂઈમેળોનું હીરાબહેન પાઠક વિવેચન પારિતોષિક મેળવનાર સંધ્યા ભટ્ટ ગુજરાતી સાહિત્ય પરિષદમાં ૨૦૨૩થી ૨૦૨૬ની મુદત માટે વિકાસમંત્રી તરીકે કાર્યરત છે.


⁕



# પિતૃ-મહિમાનો મહોત્સવ રચતાં પુસ્તકો

# બાળ-ઉછેર વિષયક બેમિસાલ પુસ્તકો







# પિતા પહેલા ગુરુ

## રમણલાલ સોની

### કિંમત: 270

પિતા અને પુત્રના સંબંધ વિશે આપણી સાંસ્કૃતિક વાતો, કથાઓ અને કવિતાઓનો સમૃદ્ધ સંગ્રહ.

આ પુસ્તક ખરીદવા માટે સંપર્ક કરો: મો. 9662275777




# પિતા-પપ્પા-ડેડી

## સંપા. રતિલાલ બોરીસાગર

કિંમત: 250

પિતા અને પુત્રના સંબંધ વિશે વિવિધ સાહિત્યકારો અને કવિઓ દ્વારા વ્યક્ત થયેલા આદરની અભિવ્યક્તિનું અનોખું પુસ્તક.

આ પુસ્તક ખરીદવા માટે સંપર્ક કરો: મો. 9662275777




# વહાલા પપ્પા


## રોહિત શાહ

કિંમત: 60

પિતા અને પુત્રના સંબંધ વિશે
પ્રેરક સુવાક્યો અને પંક્તિઓ



આ પુસ્તક ખરીદવા માટે સંપર્ક કરો: મો. 9662275777




# પ્રણામ, પપ્પા !

## ડૉ. બિન્દુ ત્રિવેદી, દધીચિ ઠાકર

**કિંમત: 550**

ફિલ્મ, સાહિત્ય, રાજકારણ વગેરે ક્ષેત્રોની વિવિધ વિભૂતિઓનાં જીવનમાં એમના પિતા દ્વારા મળેલાં માર્ગદર્શન અને પ્રોત્સાહનની વાતો આલેખતું પુસ્તક

આ પુસ્તક ખરીદવા માટે સંપર્ક કરો: મો. 9662275777




# એવરી-ડે, પેરન્ટ્સ-ડે

## સંપા. રોહિત શાહ

### કિંમત: 250

માતા-પિતા પ્રત્યેનો આદર વ્યક્ત કરતા
વિવિધ લેખકો દ્વારા લખાયેલા સંવેદનાત્મક લેખો

આ પુસ્તક ખરીદવા માટે સંપર્ક કરો: મો. 9662275777




# પિતા આત્મવિશ્વાસનો એવરેસ્ટ

## ડૉ. આશિષ ચોક્સી


કિંમત: 100


પિતા અને પુત્રના સંબંધ વિશે રસપ્રદ વાતો.


# બાળઉછેર વિષયક બેમિસાલ પુસ્તકો

## ઊર્મિલા શાહ લિખિત

| | |
|---|---|
| અવર ચાઈલ્ડ, અવર ચેલેન્જ | 180 |
| સંતાન સ્કૂલમાં અને ઘરમાં (પુરસ્કૃત) | 160 |
| બાળકને ઉછેરતાં શીખીએ | 150 |
| સંતાનને પણ કંઈક કહેવા દો | 150 |
| છોકરાં ભણાવવાં સહેલાં નથી | 160 |
| સંતાનનું ઘડતર – એક સાધના | 110 |
| બાળકને સમજીએ (પુરસ્કૃત) | 150 |
| મા-બાપ સાથે ગોષ્ઠી | 125 |
| મા-બાપ બનતાં શીખીએ (પુરસ્કૃત) | 240 |
| સંતાનોની સમસ્યાઓ | 160 |
| બાળપુષ્પોને મહેકવા દો (પુરસ્કૃત) | 170 |
| વડીલો સાથે વાતચીત | 150 |
| કિશોરોનું મનોરાજ્ય | 85 |
| સંતાનનો સર્વાંગી વિકાસ | 160 |



# બાળઉછેર વિષયક બેમિસાલ પુસ્તકો




| | | |
|---|---|---|
| હેન્ડલ વિથ કેર | રોહિત શાહ | 170 |
| કિડ્સ-કૅર | રોહિત શાહ | 100 |
| Kids-અપગ્રેડ | રોહિત શાહ | 50 |
| વહાલનું વાવેતર | લતા હિરાણી | 250 |
| બાળઘડતરના અનુભવો | હસમુખ પટેલ | 100 |
| સંતાન-ઘડતરના પડકારો | બેલા ઠાકર | 110 |
| મા-બાપોને | ગિજુભાઈ બધેકા | 150 |
| સલામત બાળપણની શોધમાં | હિમાંશી શેલત | 20 |
| સંતાનસિંધુ | જગદીશ શુક્લ | 150 |

# આરસી

વિવિધ અખબારો અને સામયિકોએ બિરદાવેલાં અમારાં પુસ્તકો




## અગ્નિશિખા

### લે. કુમારપાળ દેસાઈ


### કિં. 550

લેખક કહે છેઃ ‘મહાભારત એ માત્ર ઇતિહાસ નથી, ફક્ત પુરાણ નથી, એ કેવળ કાવ્ય નથી, કિંતુ ત્રણેયનું એવું મનોહર ગૂંથન છે.’ આજે જ્યારે જગત યુદ્ધ સામે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ઝઝૂમી રહ્યું છે ત્યારે ગાંધારી દ્વારા કુરુક્ષેત્રના મહાસંહાર અને એનાં પરિણામો તપાસવાનું

આજના સમયને ઓળખવા માટે દિશાસૂચક બની રહે છે. ઇતિહાસ જ્યારે વર્તમાનની આંખે જોવાય છે ત્યારે એના ઊંડાણને, એની ગહનતાને વધુ સૂક્ષ્મતાથી પામી શકાય છે. કથાની શરૂઆત ગાંધારીના 'પાણિગ્રહણ'થી થાય છે. ગાંધારીને અંધારામાં રાખીને પ્રજ્ઞાચક્ષુ ધૃતરાષ્ટ્ર સાથે પરણાવવામાં આવી છે. લગ્નમંડપમાં ગાંધારીને એનું ભાન થાય છે ત્યારે લગ્નના મંત્રોચ્ચાર અગ્નિવેદીની જ્વાળામાં ઓગળી જાય છે.

લેખક અભ્યાસુ છે. ભાષા પરનું પ્રભુત્વ કથાને આગવો આયામ આપે છે. સંવાદોમાં પણ ગાંધારીની મનોવ્યથાને વાચા આપવામાં લેખક સફળ નીવડે છે. એક સંવાદમાં ગાંધારી કહે છે: 'પ્રજ્ઞાચક્ષુ રહીને મેં સમાન બનવાનો પ્રયત્ન કર્યો, તે ચોપાસની પરિસ્થિતિના સ્વીકારનો સંકેત નથી, પણ મારા સ્વમાનના અજવાળે કરેલો પરિસ્થિતિ પ્રત્યેનો પ્રતિરોધ છે.' ઋષિમુનિઓ પાસે રાજધર્મ, ધર્મશાસ્ત્ર, જીવનશાસ્ત્ર, અર્થવવેદ જાણનારી અને સત્ય-શીલની ઉપાસક ગાંધારીને જુદા જ પ્રકાશમાં લેખક પ્રગટ કરે છે. કુલ ૩૨ પ્રકરણોમાં કથા કહેવાઈ છે. અંતે લગ્નવેદીની અગ્નિશિખા સમક્ષ ભસ્મીભૂત થયેલાં સ્વપ્નોને સત્ત્વશક્તિથી સાકાર કરનારી ગાંધારી (દાવાનળની) અગ્નિશિખામાં સમાઈ જાય છે.

ઋષભ પરમાર, નવનીત સમર્પણ, જૂન-2026




# સંત 'પુનિત'નો જીવનસંઘર્ષ

## લે. સ્વામી સચ્ચિદાનંદ

**કિંમત: 400**

સ્વામી સચ્ચિદાનંદજીએ પુનિત મહારાજને માત્ર ભજનિક તરીકે નહીં, પણ એક સજાગ સમાજસુધારક અને અડગ સંઘર્ષ કરનાર વ્યક્તિત્વ તરીકે આલેખ્યા છે. તેમણે પુનિત મહારાજના બાળપણની ગરીબી, શારીરિક

યાતનાઓ અને સામાજિક અવરોધો સામેની તેમની મથામણને અત્યંત હૃદયસ્પર્શી રીતે વર્ણવી છે. લેખકે પુનિત મહારાજના જીવનની એ વિશેષતા પર પણ ખાસ ભાર મૂક્યો છે કે, તેમણે ક્યારેય પોતાના નામે કોઈ સંપ્રદાય ચલાવ્યો નહોતો કે ન તો કોઈના ગુરુ થઈને કંઠીઓ બાંધી હતી. તેમણે હંમેશાં નિઃસ્વાર્થ ભાવે આખ્યાનો કર્યાં અને પ્રભુનું નામ વેચાય નહીં તેવા અટલ વિશ્વાસ સાથે જીવનભર કોઈપણ ચાર્જ લીધા વિના લોકોને પ્રભુનામ લેવડાવતા રહ્યા. તેમણે સાચું સંતજીવન જીવીને માનવઘડતરનું ભગીરથ કાર્ય કર્યું છે. આ પુસ્તક સાચો સંત કોને કહેવાય તેની સચોટ વ્યાખ્યા આપે છે. કોઈપણ સાહિત્યપ્રેમી કે આધ્યાત્મિક જિજ્ઞાસુ માટે આ પુસ્તક જીવનમાં સંઘર્ષ કરવાની નવી દૃષ્ટિ આપે છે.

દિવ્ય ભાસ્કર, તા. 3-6-2026




# કોયલ થઈને ટહુક્યાં

## લે. રામુ પટેલ 'ડરણકર'

**કિંમત: 80**

ઈંગ્લિશ મીડિયમના યુગમાં 'ટ્વિંકલ ટ્વિંકલ..' અને 'જૉની જોની યસ પાપા..' જેવી અંગ્રેજી કવિતાઓ જ બાળકોના મોંઢે સાંભળવા મળે છે અને આ કારણે ગુજરાતી બાળકવિતાનું સ્થાન ધીરેધીરે વિસરાઈ રહ્યું છે. તેવામાં રામુ પટેલની 'કોયલ થઈને ટહુક્યાં'માં લેખકે બાળકોને ગુજરાતી બાળગીતોની સમીપ લાવવાનો પ્રયત્ન કર્યો છે. આ પુસ્તકની પહેલી જ કવિતા 'કોયલ થઈને ટહુક્યાં' જેના પરથી આ પુસ્તકનું નામ રાખવામાં આવ્યું છે, તેમાં કોઈ પણ પ્રકારની ચિંતા વગર બાળપણને મન ભરીને માણતાં બાળકોની વાત છે. બાળકોના વ્હાલા ચાંદામામા કહો કે મનગમતા તહેવારોની વાત હોય, દરેક વિષય પરની કવિતા આ પુસ્તકમાં સમાવવામાં આવી છે.

દિવ્ય ભાસ્કર, તા. 3-6-2026

# સાહિત્યવાટિકાનાં વૃત્તાંત

## ❑ અમદાવાદમાં નવજીવન ટ્રસ્ટના ઉપક્રમે કવિસંમેલન :

31 મે 2026ના રોજ અમદાવાદમાં, નવજીવન ટ્રસ્ટ આયોજિત કવિ-સંમેલનમાં કેટલાક યુવા ગુજરાતી કવિઓએ પરંપરાગત અને પ્રયોગલક્ષી રચનાઓની અભિવ્યક્તિ કરી હતી. એમાં ગીત, ગઝલ અને અછાદસ કવિતાઓનો સમાવેશ થતો હતો. લિપિ ઓઝા, અક્ષય દવે, પાર્થ તારપરા, વિરલ દેસાઈ, વનરાજસિંહ સોલંકી, તાહા મન્સૂરી, અનંત રાઠોડ વગેરેએ પોતાની વિશિષ્ટ કાવ્યરચનાઓ દ્વારા ભાવકોને રાજી કર્યા હતા. આ કવિ સંમેલનનું સંચાલન કવિ અનિલ ચાવડાએ કર્યું હતું.



## ❑ અમદાવાદમાં વિદ્યાગૌરી નીલકંઠની સાર્ધ શતાબ્દી-વંદના કાર્યક્રમ:

તા. 1 જૂન 2026ના રોજ અમદાવાદમાં ગુજરાતનાં પ્રથમ ગ્રેજ્યુએટ અને પ્રખર સાહિત્યકાર વિદ્યાગૌરી રમણભાઈ નીલકંઠની સાર્ધ શતાબ્દી નિમિત્તે ‘સા વિદ્યા’ શીર્ષક અંતર્ગત સાહિત્યિક વ્યાખ્યાન યોજાયું હતું. એમાં વિદ્યાગૌરી નીલકંઠના સાહિત્યસર્જન વિશે કુમારપાળ દેસાઈએ રસપ્રદ સમીક્ષારૂપે જણાવ્યું હતું કે, વિદ્યાબહેને યુદ્ધ વિષય પર તથા શાળા



છોડી જતી દીકરીઓની ચિંતા વ્યક્ત કરતા વિષય પર પુસ્તકો લખ્યાં છે.

પ્રો. વૈશાલી ધોળકિયાએ વિદ્યાગૌરી નીલકંઠના જીવન વિશે વાત કરતાં કહ્યું કે, 'સમાજમાતા' વિદ્યાબેને કીર્તિની અપેક્ષા વિના પીડિત નારીના જીવનમાં સશક્તીકરણનો નવો રંગ પૂર્યો હતો.

વિદ્યાગૌરી નીલકંઠની સામાજિક પ્રતિબદ્ધતા વિશે વાત કરતાં રોહિણી પટેલે કહ્યું કે, 'સુધારક પરિવારના સંસ્કારોના કારણે રમણભાઈ સાથેનું તેમનું મિલન 'સોનામાં સુગંધ જેવું લલિત સાયુજ્ય હતું. તેમણે સ્ત્રીઓ માટે ભણતરની બારીઓ ખોલી જીવવાની નવી કેડી કંડારી હતી. કાર્યક્રમનું સંચાલન મનીષ પાઠક 'શ્વેત'એ કર્યું હતું.

## ❑ પારસ ફાઉન્ડેશન દ્વારા અમદાવાદમાં પારસચંદ્રક પુરસ્કાર સમારોહ :

તા. 3 જૂન 2026ના રોજ અમદાવાદમાં પારસ ફાઉન્ડેશન દ્વારા, વર્ષ 2025 અને 2026 માટે પારસચંદ્રક પુરસ્કાર એનાયત સમારોહ યોજાયો હતો. મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના હસ્તે, ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે કાવ્ય, ગદ્ય, અને સાહિત્યસેવા માટે નોંધપાત્ર યોગદાન આપનાર દસ પ્રતિષ્ઠિત સાહિત્યકારોનું સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં પારસ ફાઉન્ડેશન દ્વારા દરેક શ્રેણીમાં પારસચંદ્રક તથા રૂપિયા બે લાખની ધનરાશિ અર્પણ કરવામાં આવી હતી.



## વર્ષ 2025 માટે પુરસ્કૃત સાહિત્યકારો:

* રાજેન્દ્ર શુક્લ – શ્રેષ્ઠ સર્જક (પદ્ય)
* પદ્મશ્રી કુમારપાળ દેસાઈ – શ્રેષ્ઠ સર્જક (ગદ્ય)
* હર્ષવી પટેલ – શ્રેષ્ઠ યુવા સર્જક (પદ્ય)
* અજય સોની – શ્રેષ્ઠ યુવા સર્જક (ગદ્ય)
* હરદ્વાર ગોસ્વામી – સાહિત્યસેવા




## વર્ષ 2026 માટે પુરસ્કૃત સાહિત્યકારો:

* સંજુ વાળા – શ્રેષ્ઠ સર્જક (પદ્ય)
* મણિલાલ એચ. પટેલ – શ્રેષ્ઠ સર્જક (ગદ્ય)
* અનિલ ચાવડા – શ્રેષ્ઠ યુવા સર્જક (પદ્ય)
* મયુર ખાવડુ – શ્રેષ્ઠ યુવા સર્જક (ગદ્ય)
* હિતેન આનંદપરા – સાહિત્યસેવા



## ❑ સરસ્વતીચંદ્ર અને ભદ્રંભદ્ર સવા શતાબ્દીની ઉજવણી નિમિત્તે અમદાવાદમાં કાર્યક્રમ


ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના ઉપક્રમે, તા. 6 જૂન, 2026ના રોજ, અમદાવાદમાં “સરસ્વતીચંદ્ર અને ભદ્રંભદ્ર સવા શતાબ્દી”ની ઉજવણી નિમિત્તે, શ્રી ગોવર્ધનરામ સ્મૃતિ અ. સૌ. ડાહીલક્ષ્મી પુસ્તકાલય, નડિયાદ તથા સુરજબા આર્ટ્સ કૉલેજ, નડિયાદના સંયુક્ત ઉપક્રમે કાર્યક્રમ યોજાયો હતો. પ્રાર્થના બાદ કુમારપાળ દેસાઈએ સ્વાગત પ્રવચન અને પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. તે પછી કાર્યક્રમના સંચાલક અસિતભાઈએ પૂર્વભૂમિકા બાંધ્યા બાદ સરસ્વતીચંદ્ર અને ભદ્રંભદ્ર વિશે વિગતે વાત કરી હતી. ત્યારબાદ અસિત મહેતાલિખિત એકાંકી “તમે કલમ મ્યાન કરી” રજૂ થયું, જે સંગીત અને સંવાદો સાથે રેકોર્ડેડ હતું. છતાં પાત્રોએ સુંદર અભિવ્યક્તિ કરી. નાટકમાં સરસ્વતીચંદ્રની








કુમુદસુંદરી અને લિયો ટોલ્સટોયની નવલકથાની નાયિકા અના કેરેનીના હતી. સરસ્વતીચંદ્રમાંથી બે ગીતો “સુખી હું તેથી કોને શું” અને બીજું પણ એક ગીત રજૂ થયાં. ત્યારબાદ ગોષ્ઠિમાં કોલેજના ઘણા મિત્રોએ ભાગ લીધો. તેના સંવાદલેખક ઉર્વીશ કોઠારી હતા.



# શે'ર અને શાયરી

મારું ખાલી નામ કે'જે દીકરા,
શબ્દ ક્રેડિટ કાર્ડ જેવા લાગતા.

**રક્ષા શાહ**

ન હો જો કશું તો, અભાવો નડે છે,
મળે જો બધું તો, સ્વભાવો નડે છે!

**હિમાંશુ ભટ્ટ**

માવતરના પ્રેમનું શું હોય બીજું તો સબૂત?
છોકરું પોણી પથારીમાં સૂતેલું હોય છે!

**રાકેશ હાંસલિયા**

હોય દોરામાં પડેલી કે પછી હો મન મહીં,
હર કિસમની ગ્રંથિઓ અઘરી પડે છે છોડતાં!

**કિશોર જિકાદરા**

મરણની બાદ પણ 'કૈલાસ'ને બસ રાખજો એમ જ,
કફન ઓઢાવવાથી, લાશની શોભા મરી જાશે!

**કૈલાસ પંડિત**

બાળકો આજે ફરી ખાધા વગર ઊંઘી ગયાં,
ભોજનાલયમાં હજી મા રોટલી વણતી રહી!

**પારસ પટેલ**

નફરતને લાયક પણ નથી, એમનું સાહસ તો જુઓ,
લડવા ઝંખે અમારી સંગ, એમનું સાહસ તો જુઓ!

**રોહિત શાહ**




## તમારી પસંદગીનાં પુસ્તકો ઘેરબેઠાં મેળવવા નીચે આપેલા વૉટ્સએપ નંબર પર 9662275777 પર ઑર્ડર કરો

Scan & pay with any UPI app

220125003285

UPI ID: Q662755873@ybl

**પુસ્તકોનો ઑર્ડર મોકલીને**
**ઉપરના QR કોડ દ્વારા પેમેન્ટ કરી શકશો.**

પેમેન્ટ કર્યા બાદ તેનો સ્ક્રિનશોટ ઉપર દર્શાવેલા વોટ્સએપ પર અચૂક મોકલશો.

વેબસાઇટ
**www.gurjarbooks.com**